Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

बोधार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

અષાડ

પુસ્તક ૭૭ મું
અંક ૯
૧૫ મી જુલાઇ

વીર સં. ૨૪૮૭
વિ. સં. ૨૦૧૭
ઇ. સ. ૧૯૬૧

न रूवलावण्णविलासहासं,
न जंपियं इंगिय–पेहियं वा ।
इत्थीण चित्तंसि निवेसइत्ता,
दट्ठुं ववस्से समणे तवस्सी ॥५॥

अदंसणं चेव अपत्थणं च,
अचिंतणं चेव अकित्तणं च ।
इत्थीजणस्साऽऽरियज्झाणजुग्गं,
हियं सया बंभवए रयाणं ॥६॥

આત્મશોધન માટે શ્રમ કરનાર તપસ્વી શ્રમણે પોતાના ચિત્તમાં સ્ત્રીઓને લક્ષ્યમાં રાખીને, તેમનાં રૂપ, લાવણ્ય, વિલાસ, હાસ્ય, જલ્પન, ચેનચાળા કે કટાક્ષોને જોવાનો પ્રયાસ કદી ન કરવો.

સ્ત્રીઓ તરફ રાગ વૃત્તિથી નજર ન કરવી, એ જ ભાવે સ્ત્રીઓનો અભિલાષ ન કરવો, તેમ વિચાર ન કરવો અને તેમનું કીર્તન ન કરવું–એ બધું બ્રહ્મચર્ય પાલન માટે તત્પર થએલા મનુષ્યોને સારુ સદા હિતરૂપ છે અને આર્યધ્યાન સાધવાની યોગ્ય ભૂમિકારૂપ છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૭ મું : : વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


૧ શ્રી નેમજિન સ્તવન .... (સુશીલાબેન ચીમનલાલ ઝવેરી-સુરત) ૯૭
૨ વંથળી સોરઠના શિતલનાથ જિન સ્તવન .... (મુનિ મનમોહનવિજય) ૯૮
૩ શ્રી વર્દ્ધમાન મહાવીર : ૩૪ .... .... .... (સ્વ૦ મૌક્તિક) ૯૯
૪ પરવશતા એ દુઃખ અને આત્મવશતા એ સુખ છે! (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૦૩
૫ 'મહપાણ' (સં. 'મહાપાન' કિંવા 'મહાપ્રાણ') ધ્યાન (પ્રો. હીરાલાલ ર. કાપડીયા M. A.) ૧૦૫
૬ શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક-સાર્થ : ૩૭ (આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મ.) ૧૦૮
૭ ફરજ .... .... (અનુ. અનંતરાય જાદવજી શાહ) ૧૧૦
૮ પુસ્તકોની પહોંચ .... .... .... .... ટા. પેજ ૨


## પુસ્તકોની પહોંચ

૧. **અમર સાધના**-લેખક-અમરચંદ માવજી શાહ, (તાલધ્વજગિરિ) કિંમત અમૂલ્ય.

આ પુસ્તક લેખકના વનપ્રવેશ પ્રસંગે તેમણે સં. ૨૦૦૫થી લખેલા અને માસિકો દ્વારા પ્રગટ થયેલ સાધનાના લેખો તથા પદ્યોનું એકત્રિત સંકલન છે. પ્રસ્તુત પુસ્તક અધ્યાત્મ માર્ગના પ્રવાસીઓને ઉપયોગી થશે.

૨. **મંગલદ્વાર**-(ભાવનગરમાં અપાયેલાં પ્રવચનોનો સંગ્રહ) પ્રવચનકાર-પ્રસિદ્ધ વક્તા મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજ. પ્રકાશક-"જૈન"પત્ર ઓફીસ-ભાવનગર.

"જૈન"ના સને ૧૯૬૦ની સાલનું આ ભેટ પુસ્તક છે. આ મંગળદ્વાર પુસ્તકનું વાંચન જિજ્ઞાસુ વાંચકો કરશે તો તેમને આત્મા સંબંધી જ્ઞાન જરૂર મળશે.

૩. **શ્રી સ્વાધ્યાય રત્નાવલી**-લેખક અને સંપાદક-શ્રી મગનલાલ મોતીચંદ શાહ. પ્રકાશક-શ્રી ચીકમલાલ નાનજીભાઈ, સુરેન્દ્રનગર. મૂલ્ય-વાચન, મનન અને નિદિધ્યાસન.

મુમુક્ષુ જીવોને વાંચન, મનન અને નિદિધ્યાસન માટે ખાસ ઉપયોગી છે.

૪. **શ્રી રાધનપુર પ્રતિમા લેખ**-સંગ્રહ સંપાદક-મુનિરાજ વિશાલવિજયજી. પ્રકાશક-શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા-ભાવનગર. કિંમત-પાંચ રૂ.

પ્રાચીન જૈન ઇતિહાસમાં રસ લેનારાઓ માટે આ પુસ્તકમાં આપેલ શિલા લેખો અને પ્રતિમા લેખો ઉપયોગી થશે.

૫. **શ્રી રાધનપુર**-(એક ઐતિહાસિક પરિચય)-લેખક-મુનિરાજશ્રી વિશાલવિજયજી. પ્રકાશક-શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા-ભાવનગર. કિંમત-પંચોતેર નયા પૈસા.

જૈનનગરોના ઇતિહાસના અભ્યાસ કરનારાઓને આ પુસ્તક ઉપયોગી થશે.

૬. **શ્રી ભીલડિયાજી પાર્શ્વનાથજી તીર્થ**-લેખક-મુનિરાજશ્રી વિશાલવિજયજી. પ્રકાશક-શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા-ભાવનગર. કિંમત-સાઠ નયા પૈસા.

જૈન તીર્થોના ઇતિહાસના અભ્યાસ કરનારાઓને આ પુસ્તક ઉપયોગી થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૭ મું<br>અંક ૯ | અષાડ | વીર સં. ૨૪૮૭<br>વિક્રમ સં. ૨૦૧૭ |
| --- | --- | --- |

## શ્રી નેમજિન સ્તવન

(રાગ–વનના વિહારી)

શાને રે વિસારી ઓ નેમ મુરારી !
પ્યારી રાજુલ નારીને શાને રે વિસારી. ૧

મ્હેલ ગોખે ચઢી વાટડીયું જોતી,
આંખ મારી વાટ વિંધી ધીરજ ખોતી;
તોરણ આવીને મને મૂકી કુંવારી,
પ્યારી રાજુલ નારીને શાને રે વિસારી. ૨

નેમ નવ ભવ મુજ અંતરમાં, એકજ વાજિંત્ર વાગે,
પૂછું શિવાદેવીના દુલારા, હૈડું શાને ભાંગે;
તુજ વિણ હું ભવવનમાં ભમતી દુઃખીયારી,
તારી કેડી શોધતી હું આવું ગિરનારી શાને રે. ૩

—સુશીલાબેન ચીમનલાલ
ઝવેરી–સુરત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વંથળી સોરઠના

# શિતલનાથ જિન સ્તવન

卐

દાસકી દાસકી દાસકી રે પ્રભુ આશા પુરો તુમે દાસકી;
શિતલનાથ તું પ્રભુજી મેરો, ઇચ્છા અમૃત પ્યાસકી રે.
પ્રભુ....૧

સોરઠ દેશમાં તું પ્રભુ સોહે, મહેકે સુગંધ સુવાસકી;
ભુગર્ભથી તું પ્રભુજી પ્રગટ્યો, શોભા વંથળી ગામકી રે.
પ્રભુ....૨

તુમે નિરાગી મેં હું સરાગી, ઇચ્છા રહેવા તુમ પાસકી;
ઇચ્છાપુરક છે બિરૂદ તુમારૂં, કરે સુભ ભક્તિ તાસકી રે.
પ્રભુ....૩

હું આયો પ્રભુ તુજ ચરણમાં, ગરમી લાગે ભવ તાપકી;
ચાહુ ચરણમાં શાંતિ તુમારા, ક્ષમા બક્ષો મુજ પાપકી.
પ્રભુ....૪

જેથી મુજને શાંતિ હોવે, ઇચ્છા નહિ મુજ છાસકી;
મનોહર શિવપ્રિય વિજ્યા પિબત, મનમોહન લહેજત ભાંગકી રે.
પ્રભુ....૫

કુડીશત બારની શાલની શાલે આયો, પ્રતિષ્ઠા તિથી દિન આપકી;
આતમ અનુભવ શિતલતા પ્રગટી, કૃપા ભઇ જિનરાજકી રે.
પ્રભુ... ૬

—મુનિ મનમોહનવિજય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૩૪

ત્રિપૃષ્ઠની વય પણ નાની હતી અને એનામાં હિંસાનો ભાગ ઘણો વધારે પડતો હતો. એણે અશ્વગ્રીવ સાથેની લડાઈમાં જે ક્રૂર ભાગ ભજવ્યો તે વખતે જે ક્રૂરતા એણે પ્રાપ્ત કરી લીધી હતી તે દીર્ઘકાળ ચાલ્યા કરી. એનામાં નરમાશ કે કુણાશ કદી આવી નહિ. આખો જીવનકાળ ધમધમાટ, રાજ્ય ખટપટ અને તોફાનમાં જ એણે પસાર કર્યો. એક દિવસ એક તાબાના રાજાના બળવાની વાત આવે તો બીજે દિવસ રાજ્યના અમલદારોની ખટપટો સંભળાય. વળી કોઈ વખત રાજાઓ તેની સામે ખટપટ કરે છે એવી વાતો આવે, તો કોઈવાર રાજાઓના અંદર અંદરના દ્વેષથી થયેલા કજીઆઓની અને મારામારીની તકરારો આવે. આમ રાજખટપટમાં એને ચેતનજીને યાદ કરવાનો વખત ન જ મળ્યો. વિશાળ દેશનું રાજ્ય કરવું એ રમત વાત નથી. ત્યાં તો અનેક પ્રકારની નીતિના નિત્ય પ્રયોગો ચાલે, અનેક ન્યાયો ચૂકવવા પડે, મનને ઉશ્કેરનારા અનેક પ્રસંગો બને અને પ્રજાના વિવિધ તત્ત્વોના ખાનગી અને જાહેર ઝગડાઓ ન્યાયપૂર્વક સાંભળી ચૂકવવા પડે, એમાં નિર્લેપતા રાખવી, સાચો નિષ્પક્ષ ન્યાય આપવો અને પ્રજાનો ચાહ મેળવવો એ ઘણી મુશ્કેલ વાત છે.

અને ત્રિપૃષ્ઠ પોતે પૌદ્‌ગલિક બાબતનો બહુ રસિયો હતો. એને નવી નવી સ્ત્રીઓને પરણવાનો ખૂબ શોખ હતો. એકવાર એ રાત્રે ફરવા નીકળી પડ્યો. ત્યાં એક કોઈના રડવાનો સ્વર સાંભળ્યો. શબ્દને અનુસારે એ આગળ વધ્યો. ત્યાં એક ઝાડ સાથે બાંધેલા એક પુરૂષને જોયો. એને છોડાવી પૂછતાં જણાયું કે એ તો વિદ્યાધર જાતિનો છે. એની વિગત પૂછતાં ત્રિપૃષ્ઠને સમજાયું કે એનું નામ 'રત્નશેખર' હતું અને અત્યારે એ સિંહલ રાજાની પુત્રી 'વિજયવતી'ને પરણવા જતો હતો. ત્યાં એક દ્વેષી વિદ્યાધર વાયુવાગે એને હેરાન કરવા ઝાડ સાથે બાંધ્યો હતો, કારણ કે એ વાયુવાગની મરજી પણ વિજયવતીને પરણવાની હતી. ત્રિપૃષ્ઠને આ હકીકત સાંભળી નવાઈ લાગી. વિદ્યાધરો ભૂમિચારીઓની દીકરીને પરણવા ઇચ્છે અને તે ખાતર પડાપડી અને લડાલડી થાય એ વાત જાણી એને ભારે આશ્ચર્ય લાગ્યું. અને એ કન્યાના રૂપનું વર્ણન સાંભળી એ કન્યાને પોતે જ પરણવી એમ ત્રિપૃષ્ઠને લાગ્યું. એણે રત્નશેખરને સમજાવ્યું કે એ કદાચ વિજયવતીને પરણશે તો પણ ફરીદ વિદ્યાધર વાયુવાગ એને હરી જશે. આમ સમજાવી પોતે સિંહલેશ્વર પાસે એ કન્યનું માંગુ મોકલ્યું અને પોતે વિજયવતીને પરણ્યો. ત્યાર પછી તો એણે અનેક કન્યાઓ સાથે લગ્ન કર્યાં. એમ કહેવાય છે કે ત્રિપૃષ્ઠ ૩૨૦૦૦ સ્ત્રીઓને પરણ્યા. એ વાતમાં કદાચ અતિશયોક્તિ હોય એમ ધારીએ, તો પણ એક પત્ની વ્રતનો તે યુગમાં બહુ મોટો મહિમા હોય એમ તો લાગતું નથી. રાજાઓ તો રાજ્યની ભૂમિની માફક કન્યા પરણતા અને એના પરિવારમાં સ્ત્રીઓની સંખ્યા પર એમની આબરૂ ગણાતી. એ પાંચ પંદર સો હજાર સ્ત્રી જેના અંતેઉરમાં હોય તે તેની સંખ્યાના પ્રમાણમાં આબરૂદાર ગણાય. અને સ્ત્રીને ચીજ–ઉપભોગની વસ્તુ ગણવામાં આવતી. આ હકીકતમાં ફેરફાર ઘણો ધીમો થતો ગયો તે ઇતિહાસનો વિષય છે.

ત્રિપૃષ્ઠ તો સંસારમાં રાચતો જ ગયો, રાજસી અને તામસી પ્રકૃતિમાં વધતો ગયો, પોતાના હુકમો જહાંગીરી છે એમ બતાવતો ગયો અને વગર સંકોચે રાજાઓને અને પ્રજાને રહેંસતો ગયો. એના કાર્યમાં કે હુકમમાં નરમાશનો અભાવ હોય, એની બોલીમાં કુણાશનો અભાવ હોય, એની ચાલમાં માંધાતાપદ હોય અને એના રાજસભામાં સંભાષણમાં સત્તાનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોર હોય. આવી રીતે એનો ખટાટોપ વધતો ગયો તેમ એનો દોર પણ વધતો ગયો. ખાવાપીવામાં, મુજરા લેવામાં, સુગંધી પદાર્થોનો ઉપભોગ કરવામાં અને સ્ત્રીઓ સાથે વિલાસ કરવામાં એ પોતાનો બચત વખત કાઢતો, બાકી રાજ્ય ખટપટ, લડાલડી અને આજ્ઞાપાલનના હુકમના અમલમાં એ મુખ્ય વખત પસાર કરતો ચાલ્યો. આમાંની કોઈ પણ બાબત અચળને ગમતી નહોતી, પણ એ ભાઈ પરના રાગને લઈને કાંઈ બોલતો નહિ, ભાઈને કદી વારતો નહિ અને તેવા ધમાલના કામમાં કે ઇંદ્રિયના ભોગો ભોગવવામાં રસ લેતો નહિ. પણ એ રાગને લઈને ભાઈને અટકાવી પણ ન શક્યો અને ભાઈને છોડી પણ ન શક્યો. માત્ર એ પોતાની સાત્વિકવૃત્તિને જાળવી–સંગ્રહી રહ્યો. એ નાચ મુજરા કે ખાણા-પીણામાં રસ કે ભાગ ન લે એટલે ત્રિપૃષ્ઠ એને ઘરડો થઈ ગયેલો કહી હસીને એની ગેરહાજરીને નરમ પાડી દે, પણ એ ગેરહાજરીની પાછળ ભવ્ય ભાવના કે મુદ્દામ આદર્શ છે એવું ત્રિપૃષ્ઠને કદી લાગ્યું નહિ અને અચળના ત્યાગી માનસની એના મનમાં કિંમત પણ જચી નહિ.

## શય્યાપાલકના કાનમાં સીસું

આવી રીતે ત્રિપૃષ્ઠ વાસુદેવ વિષયસુખમાં પડી ગયો, ચેતનરાજને લગભગ ભૂલી ગયો અને સંસારની મોજમજામાં ખૂબ રસ લઈ રહ્યો. એમને અંગે, એ, ચાર વાત જાણવા અને નોંધવા જેવી છે, તે તેની રાજસી અને તામસી વૃત્તિના દાખલા બતાવે છે. એક તો એણે વિજયવતી (સિંહલરાજની પુત્રી) સાથે લગ્ન કર્યું, તેને તેણે લગ્ન કર્યા પછી બોલાવી પણ નહિ. સ્ત્રીઓને પોતાના પતિનો પ્રેમ ખૂબ આકર્ષે છે, પણ જ્યારે પતિ તેનો પ્રેમ તરછોડે છે અને વિનોદ વિલાસ બીજી સ્ત્રીઓ સાથે કરે છે ત્યારે એને કુદરતી રીતે ખૂબ ઇર્ષ્યા અને દ્વેષ થાય છે. રૂપ રૂપની અવતાર અસાધારણ ચાતુર્યથી ભર-પૂર અને રૂપગર્વિષ્ઠા વિજયવતીનો જ્યારે ઉઘાડી રીતે તિરસ્કાર થયો ત્યારે એ બીજું તો કાંઈ ન કરી શકી, પણ એ ઇર્ષ્યા અને વિષાદથી દ્વેષ ધારણ કરવા લાગી, એને પોતાનું યૌવન અને રૂપ એળે જતું લાગ્યું અને એણે આખું જીવન ત્રિપૃષ્ઠ સામે વિરાગ (દ્વેષ) કેળવવામાં જ પસાર કર્યું. આવો હાડોહાડ વ્યાપી રહેલ તિરસ્કાર એણે આખા જીવન-માં કેળવ્યો. ત્રિપૃષ્ઠે લગ્ન કરી મહાલયે આવ્યા પછી કોઈ પણ જાતના કારણ વગર એની સામે પણ ન જોયું. આવી વિષમ દ્વેષસ્થિતિ ભવાંતરમાં કેટલી લાંબી ચાલે છે તે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. વિજયવતી તરફ દાખવેલ અરુચિ, વિજય-વતીએ મનમાં સંઘરેલ વિષાદ ભવાંતર સુધી ચાલ-વાનો છે અને આગળ જતાં એ ખૂદ મહાવીરના ભવમાં દીક્ષા લીધા પછી પણ વિજયવતીને. [illegible] બદલો વાળશે તે આગળ જોવામાં આવશે.* વાત એ છે કે આવી રીતે વૈર વસાવવું કે કારણ વગર એક જીવતું આખું જીવન નિરર્થક કે નકામું કરવું એ વાત એટલેથી અટકી પડતી નથી. આમાં કર્મ-નો સિદ્ધાંત ખૂબ કામ આપે છે તે ખાસ વિચારવા જેવું છે. કોઈ ખાતાં અહીં સરભર થઈ જતાં નથી અને જેની સાથે જેવા સંબંધ બાંધ્યા હોય તેની સાથે તેવા પ્રકારની લેવડ દેવડનો વહેવાર ચાલ્યા જ કરે છે. વિજયવતીને કરેલા ઘોર અન્યાયનાં ફળ લાંબાં ચાલે છે. અત્યારે તો ત્રિપૃષ્ઠને આગલી પૂંજીનો લાભ મળે છે તેથી એ ગમે તેમ વર્તે તે ચાલ્યું જાય કે નભ્યે જાય છે, પણ એના હિસાબ આખરે ભરપટ્ટે આપવા પડશે એ ખાસ વિચારવા જેવું છે.

સ્વયંપ્રભા વિદ્યાધર પુત્રીથી ત્રિપૃષ્ઠને **શ્રીવિજય** અને **વિજય** નામના બે પુત્રો થયા. ત્રિપૃષ્ઠ અનેક સ્ત્રીઓ પરણ્યો, પણ એના મુખ્ય પ્રેમનું પાત્ર તો સ્વયંપ્રભા રહી. એની સાથે એ રતિસાગરમાં યથેચ્છ વિહાર કરતો હતો અને રાજકાજમાં પણ

* વિજયવતીનો જીવ આ ત્રિપૃષ્ઠના ભવમાં થયેલ અપમાનનો બદલો શ્રી મહાવીરના ભવમાં દીક્ષા પછી છઠ્ઠે વર્ષે વ્યંતરી તરીકે કેવો આકરો વાળી આપે છે તે દીક્ષા પછીના ભગવાનના છઠ્ઠા વર્ષના ચરિત્રમાં જોવામાં આવશે. ભયંકર શીત પરીસહ અને આખી રાતની યાતના દ્વારા વિજયવતી ભારે પીડા નીપજાવે છે.

For Private And Personal Use Only

ધ્યાન આપતો હતો. એના આવા રણમાં શૂરા, ચંડશાસનથી ભરપૂર, મિજાજી અને ખડતલ જીવનમાં એને સંગીતનો શોખ હતો. સારા ગવૈયા એના રાજ્યમાં આવી પોતાની કળા બતાવતા હતા અને મહારાજા ત્રિપૃષ્ઠ પાસેથી સારી રીતે બદલો મેળવતા હતા, એક વખતે કિન્નર જેવા સરસ સુરવાળા અને સંગીતકળાના અતિ પ્રવીણ ગવૈયા એની રાજસભામાં આવ્યા. આવા કળાનિધિ ગાયકોને રાજાએ યોગ્ય સત્કાર આપ્યો અને તેની કળાની વાનગી ચાખી, એને પોતાની તહેનાતમાં રાખી લીધા. રાજાનું મન થાય ત્યારે એના ગાયનો રાજા સાંભળે. એ ગાયકો પણ દરેક સમયને અનુરૂપ સંગીત કરે અને રાજાના દિલને આનંદ ઉપજાવે. કોઇ વખત ત્રિપૃષ્ઠ દેવી સ્વયંપ્રભાને પણ આવા વિશિષ્ટ સંગીત શ્રવણનો લાભ સાથે રાખીને અપાવે. આવી રીતે રણપ્રચંડ મહારાજાએ સંગીતની લલિતકળાનો શોખ દાખવી પોતાના તરંગી સખ્ત જીવનમાં કાંઇક રસિકતા બતાવી. એને સંગીતનો નાદ ધીમે ધીમે વધતો ચાલ્યો અને હવે તો ગાયકોને એ કોઈવાર બપોરે બોલાવે, કોઇવાર રાત્રે બોલાવે અને કોઇવાર બડે પ્રભાતે બોલાવે.

એક વખત રાજાએ ગાયકોને રાત્રે પ્રથમ પહોરને અંતે બોલાવ્યા. ગોઠવણ એવી હતી કે રાજાને ઊંઘ આવે એટલે ગાયકો ગાયન બંધ કરે અને પોતાનો સાજ સંભાળી વગર અવાજ કર્યે ચુપચુપ ચાલ્યા જાય. રાજાની પાસે એક શય્યાપાલક હોય છે. તેનું કામ રાજાની શય્યા સાફસુફ રાખવાનું અને રાજાની ઊંઘના સંબંધમાં તજવીજ રાખવાનું હોય છે. રાજાનો પલંગ બરાબર રહે, તેના પર તળાઇ ઓછાડ સાફ રહે, રાજાની ઊંઘમાં જરાપણ અડચણ થાય તેવાં જીવ જંતુ મચ્છર માકડ ન હોય, નકામા અવાજથી રાજાની ઊંઘમાં વિક્ષેપ ન થાય એ સર્વ ગોઠવણ પર ધ્યાન રાખવાનું કામ શય્યાપાલકનું હોય છે. એ કેટલુંક કાર્ય હાજર રહીને કરે, કેટલુંક કરાવી લે અને કેટલીક સેવા બહાર દૂર રહી કરે, પણ શય્યાપાલક હંમેશા રાજાનો અંગત પરિચારક ગણાય એ તે યુગની સભ્યતા હતી.

એક દિવસ ત્રિપૃષ્ઠે શય્યાપાલકને રાત્રે હુકમ કર્યો કે રાત્રે નવા ગાયકોનો જલસો રાજમહેલમાં થાય. શય્યાપાલકે ઉસ્તાદ ગાયકોને મહેલમાં હાજર રાખ્યા. મહારાજા થોડીવાર ગાયન સાંભળવા બેઠા. સાથે દેવી સ્વયંપ્રભા હતા. ગાયનનો રસ ચાલતો હતો ત્યાં દેવી સ્વયંપ્રભાએ સૂઇ જવાની ઇચ્છા બતાવી. રાજાનું શયનગૃહ સંગીતગૃહની બાજુમાં હતું. દેવીની ઇચ્છાને માન આપી ત્રિપૃષ્ઠ ઊઠ્યો. તેણે શય્યાપાલકને જણાવ્યું કે પોતે ઊંઘી જાય એટલે ગાયનનો જલસો બંધ કરવો. મહારાજા દેવી સ્વયંપ્રભા સાથે ઊંડી બાજુના શયનગૃહમાં ગયા. હુકમ પ્રમાણે ગાયકોએ તો ગાવાનું કામ ચાલુ રાખ્યું. હજુ તો રાત્રિનો બીજો પહોર હતો અને સંગીત હંમેશા રાતના વધવા સાથે જામતું જાય છે. ગાનારાઓ લહેરે ચડ્યા, પોતાની કળા બતાવવા માંડી, સંગીત બહુ સુંદર ચાલવાને પરિણામે થાકેલા પાકેલા રાજાને તુરત ઊંઘ આવી ગઇ. સંગીત સરસ ચાલતું હોય તો તેની અસરથી ઘણાને ખૂબ ઊંઘ આવી જાય છે. આમાં સંગીત તરફનો અભાવ કારણરૂપે નથી, પણ સંગીતની અમુક પ્રકારના બાંધાવાળાના જ્ઞાનતંતુઓ પર થતી અસર કારણરૂપે છે. ગમેતેમ પણ મહારાજા ત્રિપૃષ્ઠ તો પલંગમાં પડતાવેંત જ તુરત ઊંઘમાં પડી ગયા અને દિવસના શ્રમથી થાકેલા હોવાને કારણે નાકમાંથી ઘસઘસાટ અવાજ કરવા લાગ્યા. જલસો હજુ ચાલુ જ હતો. શય્યાપાલકને તુરત ખબર પડી કે મહારાજા ઊંઘી ગયા છે, પણ એ શય્યાપાલક પણ ઇશકનું ટાંકિયું હતો. એના ખ્યાલમાં રાજાના હુકમના જહાંગીરીપણાની વાત હતી, રાજાની આજ્ઞાનો ભંગ કેવાં આકરાં પરિણામ લાવનારા થઈ પડે છે તે તે જાણતો હતો, પણ માણસને ભાવો ભૂલાવે ત્યારે તે મૂર્ખાઇભરેલી ભૂલો કરી બેસે છે. એ તો જાણે પોતાને ઘરે જ જલસો ચાલતો હોય તેવી રીતે કામ લઈ રહ્યો.

રાજમહેલમાં શય્યાપાલક ઠીક ઠીક અગત્યનું સ્થાન ભોગવે છે. ધનના વાંછુ ઉસ્તાદ ગાયકો એને

રાજી રાખવા પ્રયત્ન કરે તે પણ સ્વાભાવિક હતું. ગાયકોને રાજાના હુકમનો ખ્યાલ પણ નહોતો એટલે એ તો ઠુમરી અને બિલાવલ, મલ્હાર અને સોરઠ ચલાવતા ગયા, એમણે કાફી ગાઇને કમાલ કરી, વચ્ચે વચ્ચે દીપક પણ ગાઈ નાખ્યો અને કલ્યાણથી શરૂઆત કરી, પણ ભૈરવ ચલાવવાનો હુકમ ન થયો. ત્રીજો પહોર પણ પસાર થઈ ગયો, કુકડા બોલવા લાગ્યા, માલકોશ ગવાયો, પણ જલસો ચાલુ જ રહ્યો. ચોથો પહોર અડધો ઝાઝેરો પસાર થયો હશે ત્યાં ત્રિપૃષ્ટ મહારાજાની ઊંઘ ઊડી ગઈ. બાજુના મધ્યગૃહમાં હજુ પણ સંગીત પૂર બહારથી ચાલતું સાંભળી એને ભારે નવાઈ લાગી. એ તુરત બહાર આવ્યા. એણે મોટા સ્વરે અવાજ કરી શય્યાપાલકને પોતાની પાસે બોલાવ્યો. શય્યાપાલક ભોળો અને રસિક હતો. ત્રિપૃષ્ઠે પૂછ્યું 'શય્યાપાલક! આ બડી પ્રભાત થઈ, છતાં આ લોકોને કેમ રોકી રાખ્યા છે?' શય્યાપાલકે જવાબમાં કહ્યું 'મારા દેવ! આ લોકોએ તો દેવ ગાંધર્વ ગાન કર્યું, એના રસમાં મેં વિદાય તેમને કર્યા નથી.' મહારાજાએ પડકારો કરી જલસો અડધે રસ્તે બંધ કરાવી દીધો, ગાયકોને રજા આપી દીધી અને શય્યાપાલકના કાર્ય પરત્વે ઉઘાડી રીતે અરુચિ અને તિરસ્કાર બતાવી પોતે પોતાના શયનગૃહમાં ચાલ્યા ગયા. ગાયન અરધું અધુરું રહ્યું, ગાયકો આશ્ચર્ય પામ્યા અને શય્યાપાલક સમજી ગયો કે આજે તેના બાર વાગી ગયા છે. અને સંગીત શ્રવણનો શોખ આકરો થઈ પડવાનો છે. બડી પ્રભાતે એ પોતાને ઘેર ગયો, પણ એના ટાંટીઆ ધ્રુજી ગયા હતા અને પોતાનું આજે શું થશે એ ખ્યાલમાં એ હાલ હવાલ થઈ ગયો હતો અને એની ચાલ પરથી એની એ દશા જણાઈ આવતી હતી.

બીજે દિવસે પ્રભાતે રાજસભા મળી ત્રિપૃષ્ઠે ગઈ મોડી રાતનો બનાવ યાદ કરી શય્યાપાલકને બોલાવ્યો. રાજઆજ્ઞા તોડવા માટે તેની જાહેરમાં ખૂબ નિર્ભર્ત્સના કરી અને તેના ગાયનના રસના અને રાજઆજ્ઞા તોડવાના ગુન્હા બદલ તેના કાનમાં ગરમ ત્રાંબુ અને સીસું રેડવાનો હુકમ ફરમાવ્યો. ત્રિપૃષ્ઠનો કોપ આકરો હતો, આખી રાજસભા દિઙ્મુઢ બની ગઇ. શય્યાપાલક ધ્રુજતો ઉભો હતો તે અવાચક થઈ ગયો. રાજસેવકોએ એને ત્યાંથી બહાર આણ્યો, એકાંતમાં એના કાનમાં ગરમાગરમ સીસું અને ત્રાંબુ નાખ્યાં. શય્યાપાલકને અસહ્ય વેદના થઇ, કાનના પડદાં ફાટી ગયા, નાજુક ભાગ તૂટી ગયો. અને આકરા દુર્ધ્યાનમાં તત્કાળ એ મરણ પામ્યો. મરતાં મરતાં એણે આકરાં કર્મો બાંધ્યાં અને તુરત ત્યાંથી ચાલી એ ભવાંતરના ભ્રમણમાં પડી ગયો.

( ચાલુ )


## બાર વ્રતની પૂજા અર્થ–સહિત

### [ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના.

લખોઃ–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

# પરવશતા એ દુઃખ અને આત્મવશતા એ સુખ છે !

લેખક : બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

સુખ અને દુઃખ એ પરસ્પરાવલંબી વસ્તુ છે. જ્યાં દુઃખ હોય ત્યાં સુખનો અભાવ હોય છે. અને જ્યાં સુખ હોય છે ત્યાં દુઃખનો અભાવ જણાય છે. એટલે સર્વથા સુખ અગર સર્વથા દુઃખ એવી અવસ્થા એકાંતે હોતી નથી. સ્વભાવ પ્રકૃતિની ભિન્નતાને કારણે એમાં અનંતા ભેદ પડે છે. જે વસ્તુ અગર ઘટના એકને દુઃખ કરનારી લાગે છે તે જ વસ્તુ બીજાને સુખ આપનારી ભાસે છે. એ ઉપરથી ફલિત થાય છે કે, પ્રત્યક્ષ વસ્તુમાં સુખ સમાએલું નથી પણ તેને ગ્રહણ કરનારની અનુકૂળતા ઉપર તે અવલંબિત છે. સામાન્ય દાખલા તરીકે આપણને હંમેશ જોવામાં આવે છે કે, એક માણસને બીડી પીધા સિવાય થોડી વાર પણ રહેવાતું નથી. એક દિવસમાં અનેક બંડલોને આગ લગાડી એ તેની રાખ કરી નાખે છે. ત્યારે બીજા માણસને તેની દુર્ગંધ અસહ્ય થઇ પડે છે. એક માણસ કામાતુર થઈ અનેક નહીં કરવા લાયક કામો કરવામાં શરમાતો નથી, અને અપકીર્તિ અને વિટંબણાને પાત્ર થાય છે. ત્યારે બીજો માણસ આજન્મ બ્રહ્મચારી રહેવામાં ગૌરવ અને આનંદ માણે છે અને જગતમાં આદર માન પામે છે. દ્રવ્ય મેળવવાના અનેકોના માર્ગો અનુચિત અને અનીતિના હોય છે. અને એમ કરવામાં એ બહાદુરી માને છે. ત્યારે બીજો અન્યાયની એક પાઈ પણ પોતાના ઘરમાં ન આવી જાય એની ફીકર રાખે છે. મતલબ કે સુખ અગર દુઃખ એ વસ્તુ નિરપેક્ષ છે. એ તો તે મેળવનારની મનોદશા ઉપર અવલંબિત છે. અમુક વસ્તુ વિના મારૂં કેમ થશે ? હું જીવીશ જ કેમ ? એવી મનોદશા રાખનારાઓ આખરે પ્રસંગોપાત તે વસ્તુ વિના પણ અનેક વરસો વિતાવી શકે છે. કોઈ મોહજાળમાં જ્યારે માણસ પરવશપણે વર્તે છે, ત્યારે એ અનાયાસે દુઃખનો ભાજન બની જાય છે. પણ એ જ માણસ જ્યારે એ પરવશતાં ખંખેરી નાખે છે ત્યારે સ્વાવલંબી બને છે. અને પરવશતાનું દુઃખ એને થતું નથી. એટલે પરવશતામાં દુઃખ હોય છે અને સ્વાવલંબનમાં સુખ પોતાની મેળે આવી બેસે છે. એટલા માટે જ એક સુભાષિતકારે કહ્યું છે કે—

> सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।
> एतद्विद्यात्समासेन लक्षणं सुखदुःखयोः ॥

એમાં સુખ અને દુઃખનું ટુંકામાં લક્ષણ બતાવેલું છે. પરવશપણામાં રહી બીજાના આધારથી આપણે સુખ મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ, તેથી સાચુ સુખ તો થતું જ નથી. પણ ઉલટા પરવશપણાના પાશ આપણા આત્માને વધુ વીંટી લે છે. અને આપણે વધુ ને વધુ પરવશ થઇએ છીએ, એની પાછળ જે સુખનો આભાસ આપણને થાય છે તે જ આપણા બંધનો અને પરવશપણું વધારવાને કારણભૂત થાય છે. એટલે જ્યાં સુધી અન્ય વસ્તુ કે પારકી આશા ઉપર આપણે સુખ મેળવવા પ્રયત્ન કરીએ છીએ ત્યાં સુધી આપણે સાચા સુખથી ઘણા દૂર છીએ એ સમજી રાખવું જોઈએ.

કોઈ માણસ સુંદર બંગલામાં નિવાસ કરે અનેક જાતના સુંવાળા અને સુખ સગવડવાળા સાધનો વાપરે, અનેક જાતના પક્વાન અને મીઠાઈઓનું ભોજન કરે, અનેક જાતના સ્વાદિષ્ટ પીણા, વાપરે, સંગીતનો યથેચ્છ સ્વાદ અનુભવે, ખેલકુતુહલ પણ કરે, ત્યારે આપણે માની લઇએ છીએ કે, એ માણસ ઘણો સુખમાં આળોટે છે. દેવતા જેવું સુખ ભોગવે છે. એને કોઇ જાતની અગવડ કે નિરાશા જેવું છે જ નહીં. એવા સુખની આપણને ઈર્ષ્યા થઈ આવે. પણ એના અંતરંગમાં જો આપણે પ્રવેશી શકીએ તો આપણે જોઈ શકીશું કે એ

બધું સુખ બાહ્ય છે, અંતરનું નથી. એની પાછળ અનેક વેદનાઓ છુપાઈ રહી છે. આપણે અંતરની વાત બાજુએ મૂકીએ તો પણ એ સુખનું ફોલપણું બીજી રીતીએ પણ આપણે જોઈ શકીએ છીએ.

કેટલાએક દિવસ પછી એ બાજરાનો રોટલો અને સામાન્ય શાક ખાવામાં સમાધાન માનવા માંડે છે. એને પકવાનો ગમતા નથી. ઘણા પરિશ્રમો કરવા પછી જ જમવાનું ગમે છે, પર્વત વનરાજીમાં રહી સુખાનુભવ થઈ શકે એવી એની ખાતરી થાય છે. પક્ષિઓના મોઢે નીકળતા સ્વાભાવિક કૂજનો એને સાંભળવું ગમે છે. નિસર્ગની ગોદમાં રહી આનંદ માણવાનું એને ગમે છે. નિસર્ગ મનોહર વનવેલીઓના સહવાસમાં રહી નિર્દોષ વાયુની લહેરોનો અનુભવ કરવો એને ગમી જાય છે. કૃત્રિમ આબોહવા, કૃત્રિમ ભોજન અને કૃત્રિમ સુખસગવડોમાં એને આનંદ જણાતો નથી. કારણ સુખ એ વસ્તુ નિરપેક્ષ છે. અર્થાત્ એ પરવશતામાં ખાસ નથી. એટલા માટે જ સંત યોગી મહાત્માઓ નિરાલંબન સેવામાં સુખ માણે છે. કૃત્રિમતા એમને આકર્ષિત કરી શકતી નથી. એ તો કૃત્રિમ બંધનોથી પર રહેલો જે આત્મા તેની પાસે પાસે જવાનો માર્ગ શોધતા રહે છે. બધી બાહ્ય ઉપાધી અને વિલોભનીય ભાવનાઓ તેમને શત્રુ જેવી લાગે છે. એ શી રીતે છૂટે અને એમનો અંત શી રીતે આવે એના માટે તેઓ સતત્ પ્રયત્નશીલ રહે છે. જ્યારે એની પરાવલંબીપણાની ભાવનાઓ છતી થાય છે ત્યારે તેમને પોતા ઉપર જ ખૂબ ક્રોધ આવે છે. પોતાને જ દંડ કરવા એ પ્રવૃત્ત થાય છે. પોતે આત્મવશ રહી સાધના કરવા વચનબદ્ધ થયો છતાં આ પરવશતા ક્યાંથી આવી એનો એને પશ્ચાત્તાપ થાય છે, એનું મન અત્યંત દુઃખની વેદના અનુભવે છે. અને પોતાના આત્મસુખના આડે આવતું પરવશતાનું દુઃખ એ તોડવા માગે છે અને જેમ બને તેમ આત્માભિમુખ થવા માગે છે. અને આમ કરતા એકેક પગલું આગળ વધે છે, ત્યારે જ એની આત્માભિમુખ વૃત્તિનો વિકાસ સધાય છે. અને એના સાચા સુખનો પ્રારંભ થઈ જાય છે. અને એવી રીતે આત્મસુખનો સ્વાદ જે એક વખત ચાખે છે તેને સંસારના બધા જ સુખો ખારા લાગવા લાગે છે. આવા સુખો એ બધા બાલચેષ્ટા જેવા એ ગણે છે. પછી તો એ ધીમે ધીમે સંસારથી પર થવા લાગે છે. અને આત્મસુખમાં જ આનંદ અને સુખ અનુભવે છે. એનું એ સુખ ચિરસ્થાયી અને સાચું આત્મસુખ ગણાય છે. જગતની દૃષ્ટિમાં એનો બધો વ્યવહાર જુદો જ થવા માંડે છે. એનો મોહ ક્ષીણ થતો જાય છે. એની પ્રકૃતિ અને સ્વભાવ જ આત્માભિમુખ થતો હોય છે. અને દુનિયાને એની આચરણા વિપરીત જણાવા માંડે છે. એનો સંસારનો મોહ નષ્ટ થવા લાગે છે. અને એને પોતાના શરીરના પણ શુદ્ધિ રહેતી નથી. શારીરિક ભૂખ તૃષા એને યાદ પણ આવતી નથી.

પ્રભુ મહાવીરને એવી જ સ્થિતિમાંથી પસાર થવાનું હતું. એમની યોગસાધનામાં એઓ પોતાને જ ભૂલી ગયા હતા. આહાર લીધો કે, ભૂખ્યા છીએ એ વસ્તુનું કશું ભાન એમણે રાખેલું ન હતું. કારણ ભગવંત તો પોતાના અલૌકિક આત્મસુખમાં મસ્ત રહેલા હતા. અને એકેક સિદ્ધાંતનો ઉકેલ મેળવતા રહેલા હતા. એમનું આત્મજ્ઞાન અનુક્રમે વધતું હતું અને કેવળજ્ઞાન સમીપ આવી રહેલું હતું. આવી હોય છે આત્મવશ સુખની સ્થિતિ અને સુખ કહેવું હોય તો એવી જ અવસ્થાને !

સુખ કે દુઃખ એ બાહ્ય જણાવા જેવી વસ્તુ નથી. એ તો મનનો વ્યાપાર હોય છે. આત્માને સંવેદના થાય છે તેને જ સુખ અગર દુઃખ એવી સંવેદનાનું નામ આપવામાં આવે છે. જે માણસો સુખ મેળવવા માટે પારકી વસ્તુઓના બાચકા ભરવા માંડે છે તેની પાસેથી સાચું સુખ તો દૂરને દૂર જ દોડતું જાય છે. માટે આપણે આવા ભ્રામક સુખની પાછળ શા માટે દોડવું જોઈએ? આપણે

# ‘મહપાણ’ (સં. ‘મહાપાન’ કિંવા ‘મહાપ્રાણ’) ધ્યાન

લે. : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન દર્શનમાં તપશ્ચર્યાના બે પ્રકારો દર્શાવાયા છે: (૧) બાહ્ય અને (૨) આભ્યંતર. એ બંનેના છ છ ઉપપ્રકારો છે. ‘ધ્યાન’એ આભ્યંતર તપશ્ચર્યાના છ ઉપપ્રકારો પૈકી એક અગ્રગણ્ય છે.

ધ્યાનના (૧) આર્ત, (૨) રૌદ્ર, (૩) ધર્મ અને (૪) શુક્લ એ ચાર ભેદો અને એના પેટાભેદો વિષે જૈન આગમો પૈકી ઠાણમાં અને અનાગમિક સાહિત્યના એક વિશિષ્ટ અને પ્રશંસનીય અંશરૂપ **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૯. સૂ. ૨૯–૪૬) અને એની વિવિધ વ્યાખ્યાઓમાં નિરૂપણ છે..

ધ્યાનના અન્ય દૃષ્ટિએ પણ ચાર ભેદો જૈન કૃતિઓમાં સૂચવાયા છે: (૧) પિંડસ્થ, (૨) પદસ્થ (૩) રૂપસ્થ અને (૪) રૂપાતીત.

આ ચાર ભેદ **પૈકી**, દિગંબર મુનિ **પદ્મસિંહે** વિ સં. ૧૦૮૬ માં રચેલી કૃતિ **નાણસાર** (સં૦ જ્ઞાન-સાર)માં પહેલા *ત્રણ વિષે ઉલ્લેખ છે, જ્યારે ‘કલિકાલ સર્વજ્ઞ’ હેમચન્દ્રસૂરિકૃત **યોગશાસ્ત્ર** (પ્ર. ૭, શ્લો. ૨૬–૨૮, પ્ર. ૮, શ્લો. ૧, પ્ર. ૯, શ્લો. ૧–૧૦ અને પ્ર. ૧૦, શ્લો. ૧ અને ૬) ચારે ભેદ ઉપર પ્રકાશ પાડે છે.

આ પ્રમાણે જે ધ્યાન સંબંધી સાહિત્ય ઉપલબ્ધ છે તેમાં તો ‘મહાપાન’ કે ‘મહાપ્રાણ’ નામના ધ્યાનનો ઉલ્લેખ જોવાતો જ નથી, પરંતુ પ્રસંગવશાત્ બે મુનિવરોના જીવનવૃત્તાંત જે આલેખાયા છે તેમાં મહપાણ અને ‘મહાપ્રાણ’નો ઉલ્લેખ છે. આ બે મુનિવરો તે ‘શ્રુતકેવલી’ **ભદ્રબાહુસ્વામી** અને આચાર્ય પુષ્યભૂતિ છે

આ વૃત્તાંતોમાં પણ ‘આ ધ્યાન’એ આર્ત વગેરે ચાર ધ્યાનો કે પિંડસ્થાદિ ચાર ધ્યાનો પૈકી કયું છે તેનો નિર્દેશ જણાતો નથી. આથી ઉત્તર મેળ-વવા માટે ‘મહાપાન’ તેમ જ ‘મહાપ્રાણ’ વિષે જેટલી માહિતી હું એકત્રિત કરી શક્યો છું તે સૌથી પ્રથમ રજૂ કરવી યોગ્ય જણાય છે.

‘મહાપ્રાણ’ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. એને માટે પાઇયમાં ‘મહપાણ’ શબ્દ છે. એ ‘મહપાણ’ શબ્દ રત્નશેખરસૂરિકૃત **સિરિવાલકહાની** ગા. ૧૩૩૦ માં વપરાયો છે. એ ગાથા નીચે મુજબ છે:–

**“महपाणज्झायदुवालसङ्गसुत्तत्थतदुभयरहस्सो ।**
**सज्झायतप्परप्पा एसप्पा चेव उवज्झाओ**
**॥ १३३० ॥”**

આનો અર્થ એ છે કે ‘મહાપ્રાણ’ ધ્યાન દ્વારા જેમણે બાર અંગોનાં સૂત્ર અને અર્થ એ બંનેના રહસ્યનું ચિન્તન કર્યું છે અને જેમનો આત્મા સ્વાધ્યાયમાં તત્પર છે એ જ આત્મા ‘ઉપાધ્યાય’ છે.

**અભિધાનરાજેન્દ્ર**( ભા. ૬, પૃ. ૧૭૪ )માં ‘મહપાણ’ના સંસ્કૃત સમીકરણ તરીકે ‘મહાપાન’ શબ્દ અપાયો છે અને એનો અર્થ ‘અતિશય દીર્ઘ-કાલીન ધ્યાન’ કરાયો છે. વિશેષમાં એની નીચે મુજબ વ્યુત્પત્તિ અપાઇ છે:–

**“पियइ त्ति अत्थपए मिणइ त्ति व दो वि अविरुद्धा ॥२॥” पिबतीति वा मिनोतीति वेति द्वावपि शब्दावेतावविरुद्धौ तत्त्वत एकार्थौ इत्यर्थः तत एवं व्युत्पत्तिः पिबति अर्थपदानि यत्र स्थिनस्तत् पानं, महच्च तत् पानं महापानमिति**

* પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ.

તો વિવેકપૂર્વક પરવશપણાથી દૂર જ રહેવું ઉચિત છે જ્ઞાની મહાત્માઓ એ મુદ્દો સમજી ગયા અને પરવશતા છોડી આત્મવશ રહ્યા. તેથી જ તેઓ જગતને વંદનીય થયા. અનેકોને તેમણે માર્ગદર્શન કર્યું અને પોતે તરીને બીજાઓને તાર્યા. આપણે એથી બોધ તારવી આત્મિક સુખનો અવશ્ય અનુભવ કરવો ઉચિત છે. બધાઓને એ વૃત્તિ જાગે એ જ સદિચ્છા !



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

આથી જોઈ શકાય છે કે જ્યાં રહીને અર્થપદોનું પાન કરાય તે 'પાન' છે. મોટું પાન તે 'મહાપાન' છે.

અહીં નીચે મુજબની ગાથા અપાઇ છે:–

"बारसवासा भरहाहिवस्स छच्चेव वासुदेवाणं ।
तिण्णि य मण्डलियस्स छम्मासा पागयजणस्स ॥"

આ ઉપરથી જાણી શકાય છે કે ભરતાધિપ યાને ચક્રવર્તી ૧૨ વર્ષ સુધી, વાસુદેવ ૬ વર્ષ સુધી, માંડલિક ૩ વર્ષ સુધી અને પ્રાકૃત યાને સામાન્ય જન ૬ મહિના સુધી પ્રસ્તુત ધ્યાન ધરી શકે છે.

વવહાર્ના દસે ઉદ્દેસઅ(ઉદ્દેશક)ના ઉપર નિજ્જુત્તિ તેમ જ ભાસ રચાયેલ છે. મુદ્રિત પ્રતિમાં છઠ્ઠા ઉદ્દેસઅને અંગે ક્રમાંક ૧ થી નિજ્જુત્તિની (? ભાસની) ગાથા અપાઈ છે. એ હિસાબે આ ઉદ્દેસઅના બીજા સૂત્રને અંગેની ૨૫૪ મી ગાથામાં 'મહપાણ'નો ઉલ્લેખ છે. એને અંગેની મલયગિરિસૂરિકૃત ટીકા(પત્ર ૪૫ આ)માં 'મહાપ્રાણ' ધ્યાન એવો ઉલ્લેખ છે.

'बारसवासा'થી શરૂ થતી ગાથાનો ક્રમાંક ૨૫૫ છે. એ ગાથા કોણ વવારેમાં વધારે કેટલો વખત આ ધ્યાન ધરી શકે તે દર્શાવે છે.

૨૫૭ મી ગાથા નીચે મુજબ છે:–

"इय पुव्वगयाधीते बाहु सनामेव तं मिणेपिच्छा ।
पियइ त्ति व अत्थपए मिणइ त्ति व दो वि
अविरुद्धा ॥ २५७ ॥"

મલયગિરિસૂરિએ "બાહુ"નો અર્થ 'ભદ્રબાહુ' કર્યો છે, અને 'મહાપાન' એવો સંસ્કૃત શબ્દ આપ્યો છે. વિશેષમાં અભિધાનરાજેન્દ્રમાં 'पिबतीसि वा'થી માંડીને महच्च तत्पानं च महापानमिति સુધીનું લખાણ મલયગિરિસૂરિની આ ૨૫૭મી ગાથાની ટીકા(પત્ર ૪૬ અ)માં જોવાય છે એટલે અહીંથી એ ઉદ્ધૃત કરાયું લાગે છે.

૨૫૭ મી ગાથામાં ભદ્રબાહુનો નિર્દેશ છે એટલે એ ગાથા નિજ્જુત્તિની હોઈ શકે ખરી એવો પ્રશ્ન ઉદ્ભવે છે. વવહારને અંગેની નિજ્જુત્તિની ગાથાઓમાં એના ભાસની કેટલીક ગાથા ભળી ગઈ છે, એ જુદી તારવવી ઘટે.

'કલિકાલ સર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ પરિશિષ્ટ પર્વ (સ. ૯, શ્લો. ૫૯–૭૬)માં ભદ્રબાહુસ્વામીનો વૃત્તાંત રજૂ કરતી વેળા 'મહાપ્રાણ' વિષે પણ કેટલીક બાબત જણાવી છે. એ હું અહીં રજૂ કરું છું.

પાટલીપુત્રમાં ભયંકર દુકાળ જે પડ્યો હતો તે પછી સુકાળ થતાં સંઘ ૧૧ અંગો તો એકત્રિત થઈ શક્યા, પરંતુ બારમા અંગ નામે દિટ્ઠિવાય (દૃષ્ટિવાદ) માટે વિચારમાં પડ્યા. નેપાળમાં પૂર્વધર ભદ્રબાહુ હોવાની જાણ થતાં સંઘે બે મુનિઓને એમને બોલાવવા મોકલ્યા. એ બંનેએ એમને વંદન કરી સંઘનો આદેશ કહી સંભળાવ્યો. એના ઉત્તરમાં એમણે કહ્યું કે મેં 'મહાપ્રાણ' ધ્યાન શરૂ કર્યું છે. એ બાર વર્ષે સધાશે. એથી હું આવીશ નહિ.

અહીં એમ કહેવાયું છે કે 'મહાપ્રાણ' ધ્યાન પૂર્ણ કરાતાં કોઈ કાર્ય આવી પડતાં સર્વે પૂર્વો સૂત્રથી અને અર્થથી પણ એક મુહૂર્તમાં ગણી શકાય.

આ વૃત્તાંત આગળ ચલાવતાં કહ્યું છે કે સંઘે બે બીજા મુનિને મોકલ્યા અને સંઘનો આદેશ ન માને તેને શો દંડ હોય તે પૂછાવ્યું. ભદ્રબાહુ એનો જવાબ એ આપે કે એને સંઘ બહાર કરવો તો તમને આ શિક્ષા કરાય છે એમ મોટેથી આ મુનિઓએ કહેવું એમ સંઘે ફરમાન કર્યું હતું. એ પ્રમાણે એ મુનિઓ વર્ત્યા. ત્યારે ભદ્રબાહુએ કહ્યું કે સંઘ મારા ઉપર કૃપા કરે અને બુદ્ધિશાળી શિષ્યો મોકલે કે જેમને હું સાત ટકે વાચના આપીશ:

(૧) ભિક્ષાચર્યાથી આવ્યા બાદ, (૨) ત્રણ વાચના ત્રણ કાલ વેળાએ અને બાકીની ત્રણ સાંજનું પ્રતિક્રમણ કર્યા પછી.

આ ઉપરથી સંઘે સ્થૂલભદ્ર વગેરે ૫૦૦ સાધુઓને ભણવા મોકલ્યા, પરંતુ વાચના અલ્પ મળતી હોવાથી ઉદ્વિગ્ન બનેલા ૪૯૯ સાધુઓ ચાલ્યા ગયા; ફક્ત સ્થૂલભદ્ર જ રહ્યા. આઠ વર્ષમાં એઓ આઠ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વ ભણ્યા. એવામાં એક દિવસે **ભદ્રબાહુએ** સ્થૂલભદ્રને પૂછ્યું કે તું શું ઉદ્દ્‌ભગ્ન છે? ઉત્તર મળ્યો કે ના, પરંતુ વાચના અલ્પ જ છે. ભદ્રબાહુએ જવાબ આપ્યો કે મારું ધ્યાન લગભગ પૂરું થયું છે એટલે હવે પછી તારી ઇચ્છા પ્રમાણે વાચના આપીશ. **સ્થૂલભદ્રે** પૂછ્યું કે હજી કેટલું ભણવાનું બાકી છે? **ભદ્રબાહુએ** કહ્યું કે સાગરમાં બિન્દુ જેટલું તું ભણ્યો છે.

'મહાપ્રાણ' ધ્યાન પૂર્ણ થયું તે સમયે **સ્થૂલભદ્ર** દશ પૂર્વમાં બે વસ્તુ જેટલું ન્યૂન જ્ઞાન પ્રાપ્ત કરી શક્યા હતા.

આ ઉપરથી આપણે નીચેની બાબતો તારવી શકીએ:–

(૧) 'મહાપ્રાણ' ધ્યાન પૂર્ણ કરતાં **ભદ્રબાહુસ્વામીને** બાર વર્ષ લાગ્યા.

(૨) એ ધ્યાન કરાતું હોય તે દરમ્યાન ગોચરીએ જઈ શકાય અને આહાર લઈ શકાય.

(૩) વાચના આપવાનું કાર્ય થઈ શકે.

(૪) 'મહાપ્રાણ' ધ્યાન સધાયું હોય તો જરૂર જણાતાં એક મુહૂર્તમાં ચૌદે પૂર્વો સૂત્રથી તેમ જ અર્થથી પણ ગણી શકાય.

**આવસ્સય**ની નિજ્જુત્તિની ૧૩૧૭ મી ગાથામાં ધ્યાનથી યોગ સંગૃહીત થાય છે, તેના ઉદાહરણરૂપે આર્ય [૧]પુષ્યભૂતિ અને [૨]પુષ્યમિત્રનો ઉલ્લેખ છે. સાથે સાથે એમાં 'સૂક્ષ્મ ધ્યાન અંગે વિવાદ' એમ પણ કહ્યું છે. આ નિજ્જુત્તિ સહિત **આવસ્સય** ઉપરની ચુણ્ણિ(ભા. ૨, પત્ર ૨૧૦)માં વસુભૂતિ (? પૂસભૂતિ) અને પૂસમિત(ત્ત)નો વૃત્તાંત પાઇયમાં અપાયો છે, એમાં સૂક્ષ્મ ધ્યાનને 'મહાપાણ' સમાન કહ્યું છે.

**આવસ્સય** અને એની નિજ્જુત્તિ ઉપર હરિભદ્રસૂરિએ ટીકા રચી છે એમાં પત્ર ૭૨૨ અ–૭૨૩આ માં પુષ્યભૂતિ અને પુષ્યમિત્રની કથા પાઇયમાં અપાઈ છે.[૩] એમાં સૂક્ષ્મ ધ્યાનને '[૪]મહાપાણના સમાન' કહ્યું છે. એ સૂક્ષ્મ ધ્યાન ધરનારને કોઈ પણ જાતનું વેદન હોતું નથી. એ ધ્યાનમાં આરૂઢ થયેલી વ્યક્તિ હાલતી, ચાલતી કે બોલતી નથી; એટલું જ નહિ પણ એના શ્વાસોચ્છ્‌વાસ પણ બહુ સૂક્ષ્મ હોય છે એટલે જાણે એનું મૃત્યુ ન થયું હોય એમ લાગે. એ વ્યક્તિને જાગૃત કરવી હોય તેના અંગૂઠાને અડકવું જોઇએ.

આ પ્રમાણેની હકીકત આ કથામાંથી તારવી શકાય છે. 'મહપાણ' અંગેનું પ્રાચીન લખાણ–એની વ્યુત્પત્તિ ઇત્યાદિ જોતાં એમ ભાસે છે કે એને માટેનો સંસ્કૃત શબ્દ 'મહાપાન' છે, નહિ કે 'મહાપ્રાણ' જો કે **મલયગિરિસૂરિ**, હેમચન્દ્રસૂરિ વગેરેની કૃતિમાં 'મહાપ્રાણ' શબ્દ છપાયેલો જોવાય છે.

૧–૨ આને માટે નિજ્જુત્તિની ૧૩૧૭ મી ગાથામાં 'પૂસભૂઈ' અને 'પૂસમિત્ત' શબ્દ અનુક્રમે વપરાયા છે. આથી હારિભદ્રીય ટીકાવાળી આવૃત્તિ (પત્ર ૭૨૨આ)માંની છાયામાં 'પુષ્પભૂતય: અને પુષ્પમિત્ર:' એમ છપાયું છે તે મુદ્રણદોષ-ભૂલ છે. આવી ભૂલ **નમસ્કારસ્વાધ્યાય** (પ્રથમ વિભાગ, પૃ. ૨૪૯)માં પણ જોવાય છે. વળી આ પ્રથમ વિભાગ(પૃ. ૨૨૭)માં પણ 'પુષ્પભૂતે' છપાયેલા છે તે 'પુષ્યભૂતે' જોઇએ. અહીં આ આચાર્યનો અને પુષ્યમિત્રનો ઉલ્લેખ 'ભાવ–ફલા'ના ઉદાહરણરૂપે કરાયો છે.

૩ અહીં આપેલી કથા ચુણ્ણિ સાથે અર્થદૃષ્ટિએ જ મળતી આવે છે એટલું જ નહિ, પણ શબ્દદૃષ્ટિએ પણ લગભગ તેમ જ છે. ચુણ્ણિગત લખાણની જાણે થોડા થોડા ફેરફાર સાથેની છાયા જેવી છે.

૪ આ માટે સં. શબ્દ આ ટીકામાં નથી.

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨–૦–૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક—સાર્થ

: ( ૩૭ ) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦—(૧૪૮) કેવલી ભગવંતોને ૧૩ માં ગુણસ્થાનકની અંતે **सूक्ष्मक्रिया अप्रति पात्यादि शुक्लध्यान** કહ્યું છે અને ધ્યાન તો મનની એકાગ્રતારૂપ કહેવાય છે તે મન તો કેવલીયોને સંભવતુ નથી કારણ કે તેમને ભાવમનનો અભાવ છે?

ઉ૦—**चित्तैकाग्र्यं ध्यानमिति** મનની એકાગ્રતા તે ધ્યાન કહેવાય છે. તે તો છદ્મસ્થ જીવોને આશ્રિને શાસ્ત્રમાં કહ્યું છે, કેવલી ભગવાનને તો કાયાનું નિશ્ચલપણું એ જ ધ્યાન કહેવાય છે માટે કોઈ દોષ નથી **यदुक्तं गुणस्थानक्रमारोहवृत्त्योः— छद्मस्थस्य यथा ध्यानं मनसः स्थैर्यमुच्यते ॥ तथैव वपुषः स्थैर्यं ध्यानं केवलिनो भवेत् ॥ १०१ ॥** **ભાવાર્થ**—જે પ્રકારે છદ્મસ્થયોગીને મનની સ્થિરતારૂપ ધ્યાન કહેવાય છે તે જ પ્રકારે કેવલી ભગવંતોને શરીરના નિશ્ચલપણારૂપ ધ્યાન હોય છે એટલે શૈલેશીકરણપણું થાય ત્યાર પછી શીઘ્ર અયોગિગુણસ્થાનકને પામે છે. **जह छद्मत्थस्स मणो झाणं मन्नइ सुनिश्चलं संतं ॥ तह केवलिणो काओ सुनिश्चलो मण्णइ झाणं ॥ ८४ ॥** **ભાવાર્થ**—જેમ છદ્મસ્થને સારી રીતે નિશ્ચલ મનરૂપ ધ્યાન હોય છે તેમ કેવલિ ભગવંતને કાયાની નિશ્ચલતારૂપ ધ્યાન કહેવાય છે. આ પ્રમાણે વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે. ॥૧૪૮॥

પ્ર૦—(૧૪૯) **तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वमुच्यते** તત્ત્વભુતપદાર્થની શ્રદ્ધા રાખવી એટલે તે પ્રમાણે જ છે એવો વિશ્વાસ તે શ્રદ્ધા, તે મનનો અભિલાષ અને તે મન અપર્યાપ્ત અવસ્થામાં હોતુ નથી અને સમ્યક્ત્વ તો અપર્યાપ્ત અવસ્થામાં માનેલું છે, સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ ૬૬ સાગરોપમની સ્થિતિ કહેલ છે તો સમ્યક્ત્વનું તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ અપર્યાપ્ત અવસ્થામાં કેમ ઘટે?

ઉ૦—તત્ત્વભુતપદાર્થની શ્રદ્ધા કરવી એ સમ્યક્ત્વનું કાર્ય છે, અને સમ્યક્ત્વ તો મિથ્યાત્વ મોહનીયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થએલ આત્માના શુભ પરિણામ વિશેષ છે તેથી આ લક્ષણ મનરહિત સિદ્ધાદિકને વિષેપણ વ્યાપક છે માટે કોઈ દોષ આવતો નથી. **શંકા**—જે પ્રકારે પોતાના શાસ્ત્રમાં કહેલ તત્ત્વની શ્રદ્ધાવાળા પર પાખંડીઓને અભિગ્રહિક મિથ્યાત્વ લાગે તે પ્રકારે જૈનોને પણ લાગે કે નહિ? **સમાધાન**—સ્વશાસ્ત્રવડે પ્રતિબંધિત થયો છે વિવેકરૂપ પ્રકાશ જેનો અને બીજાનો ખંડન કરવામાં કુશળ એવા પાખંડીઓને જ અભિગ્રહિક મિથ્યાત્વ જાણવું, જૈનોને તો ધર્મ અને અધર્મવાદવડે પરીક્ષાપૂર્વક તત્વને જાણીને શ્રદ્ધા કરનારા અને બીજાનો ખંડન કરવામાં નિપુણ હોવા છતાં પણ તેમનો વિવેકરૂપ પ્રકાશ સ્વશાસ્ત્રવડે પ્રતિબંધિત નથી તેથી તેમને અભિગ્રહિક મિથ્યાત્વ ન હોય, જેઓ નામ માત્રથી જૈન હોવા છતાં પોતાના કુલાચારવડે આગમ પરીક્ષાને બાધિત કરે છે તેમને જ અભિગ્રહિ મિથ્યાત્વ હોય. સમ્યક્દૃષ્ટિ જીવો તો અપરીક્ષિત વસ્તુનો પક્ષપાત કરતા નથી **तदुक्तं हरिभद्रसूरिभिः— पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ॥ युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः॥१॥** **ભાવાર્થ**—હરિભદ્રસુરિ મહારાજ કહે છે કે—વીર પ્રભુને વિષે મને પક્ષપાત નથી અને કપિલાદિને વિષે મને દ્વેષ નથી, યુક્તિવાળું જેનું વચન હોય તેનું વચન ગ્રહણ કરવું જોઈએ, આ સર્વ અર્થ ધર્મસંગ્રહણી ગ્રંથને અનુસારે જાણવો, આ વડે જૈનોને અભિગ્રહિક મિથ્યાત્વને દૂર કરીને સમ્યક્ત્વનું પ્રતિપાદન કર્યું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણવું, પરંતુ તે સમ્યક્ત્વ ત્રણ પ્રકારે છે, **શંકા**–તે ત્રણે પ્રકારનું સમ્યક્ત્વ ચારે ગતિમાં લાભે કે નહિ ? **સમાધાન**–કેટલાક હળવા કર્મીઓને લાભે જ છે તથાહિ–નરકગતિમાં આદિની ત્રણ નરક પૃથ્વીમાં ત્રણે પ્રકારનું સમ્યક્ત્વ લાભે છે, તેમાં ક્ષાયિક તો પરભવનું જ હોય, તે ભવનું હોતું નથી, તે ભવમાં ક્ષાયિક સમ્યક્ત્વના આરંભ કરતો મનુષ્ય જ હોય, ઔપશમિક સમ્યક્ત્વ તો તે ભવનું જ હોય છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ તે ભવનું પણ હોય અને પરભવનું પણ હોય, શેષપૃથ્વીચતુષ્ટય એટલે ૪–૫–૬–૭ આ ચાર નરકમાં તો ક્ષાયિક સમ્યક્ત્વ ન લાભે, કારણ કે ક્ષાયિક સમ્યક્ત્વવાળા જીવો એમાં ઉત્પન્ન થતા નથી ॥૧॥ દેવગતિમાં વૈમાનિક દેવોને તો ત્રણે પ્રકારનું સમ્યક્ત્વ હોય છે, આદિની ત્રણ નરક સુધી ત્રણે પ્રકારનો સમ્યક્ત્વ લાભે, ભવનપતિ–વ્યન્તર–જ્યોતિષીઓને ક્ષાયિક સમ્યક્ત્વ નથી; કારણ કે ક્ષાયિક સમ્યક્ત્વવાળા જીવો એમાં ઉત્પન્ન થતા નથી. ઉપશમ અને ક્ષયોપશમિક આ બે સમ્યક્ત્વ હોય. ॥૨॥ મનુષ્યો બે પ્રકારના હોય છે. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા, તેમાં સંખ્યાત વર્ષના આયુષ્યવાળાને ઉપશમ સમ્યક્ત્વ તો તે ભવનું જ હોય છે, ક્ષાયિક અને ક્ષયોપશમિક સમ્યક્ત્વ તે ભવનું પણ હોય અને પરભવનું પણ હોય છે, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને ઔપશમિક–ક્ષાયિક આદિની ત્રણ નરક પૃથ્વી તથા વૈમાનિકની માફક જાણવો. ક્ષાયોપશમિક તો તે ભવનું જ હોય એવો કર્મગ્રન્થકારનો અભિપ્રાય છે. સિદ્ધાન્તકારનો અભિપ્રાય તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પરભવનો પણ હોય ॥ ૩ ॥ પંચેન્દ્રિય તિર્યંચો મનુષ્યની માફક બે પ્રકારના હોય છે. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા, તેમાં અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચોને ત્રણે સમ્યક્ત્વ મનુષ્યની માફક કહેવા, તથા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞિ પંચેન્દ્રિય તિર્યંચોને તથા તેમની સ્ત્રીઓને ક્ષાયિક સમ્યક્ત્વ નથી જ. બીજા બે સમ્યક્ત્વ હોય, બીજા એકેન્દ્રિયાદિ જીવોને ત્રણમાંથી એક પણ ન સંભવે ॥૪॥ આ સર્વ અર્થ પ્રવચનસારોદ્ધારમાંથી ઉદ્ધરીને સંક્ષેપમાં લખેલ છે. વિસ્તારની ઇચ્છાવાળાએ પ્રવચન સારોદ્ધારનો ૧૪૯ મું દ્વાર જોવું [ प्रज्ञापनावृत्तौ तु पंचवे विशेषपदे एवमुक्तं अस्ति "दो णाणा दो अन्नाणा" इति उत्कृष्टस्थितिका हि मनुष्यास्त्रिपल्योपमायुषः तेषां च तावदज्ञाते नियमेन, पुनः यदा षण्मासावशेषायुषो वैमानिकेषु बद्धायुषः तदा सम्यक्त्वलाभात् द्वे ज्ञाने लभ्येते अवधिविभंगौ चासंख्येयवर्षायुषां न स्त इत्यादि एवं तिर्यगधिकारेऽपि ] **ભાવાર્થ**–પ્રજ્ઞાપનાસૂત્રના પાંચમા વિશેષ પદમાં તો એમ કહ્યું છે કે–બે જ્ઞાન અને બે અજ્ઞાન ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા મનુષ્યોને નિયમમાં બે અજ્ઞાન હોય છે. જ્યારે છ માસનું આયુષ્ય બાકી રહે ત્યારે વૈમાનિક દેવનું આયુષ્ય બાંધે અને સમ્યક્ત્વનો લાભ થાય અને બે જ્ઞાન પામે છે. અવધિ અને વિભંગ જ્ઞાન અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને ન હોય આ પ્રમાણે તિર્યંચના અધિકારમાં પણ જાણવું.

**પ્ર૦**—(૧૫૦) નિશ્ચય નયના મતે લોકમાં એક ધર્મ છે અને બીજા સમ્યક્ત્વાદિ ધર્મના સાધનો છે, તેમાં ધર્મની પ્રાપ્તિ જીવને ક્યારે થાય ?

**ઉ૦**—ધર્મસંગ્રહણીમાં નિશ્ચય નયના મતે શલેશી અવસ્થાના છેલ્લા સમયમાં જ ધર્મ કહ્યો છે, તેના પૂર્વના સમયોમાં તો ધર્મના સાધનનો જ સંભવ છે. **"सो उ भवक्खयहेऊ सेलेसी चरमसमय भावी जो ॥ सेसो पुण निच्छयओ तस्सेव पसाहगो भणिओत्ति" ॥ १ ॥** **ભાવાર્થ**–જે સંસારના ક્ષયમાં કારણભુત છે તે ધર્મ શૈલેશી અવસ્થાના છેલ્લા સમયમાં પ્રાપ્ત થાય છે, બાકીના પૂર્વના સમયમાં તો સમ્યક્ત્વાદિ ધર્મના સાધનો જ સંભવે છે. **धर्मपदव्युत्पत्तिनिमित्तग्राहक एवंभूतरूप निश्चयनयोऽत्र बोध्यः ॥** **ભાવાર્થ**–ધર્મની વ્યુત્પત્તિને ગ્રહણ કરનાર એવંભૂતરુ નયનો અત્રે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ફરજ

(હિમ્મત, ધૈર્ય અને સહનશીલતાના દૃષ્ટાન્તો સાથે)

(Semuel Smilesના ઉપરથી Extract કરેલું)

અનંતરાય જાદવજી શાહ

## પ્રકરણ ૧ લું

### ફરજ અને અંતરાત્મા

હે મનુષ્ય, દુનિયાને શા માટે દોષ દે છે? આ વિશ્વ ખૂબ સુંદર છે પરંતુ તને તે અસ્વચ્છ અને ખરાબ લાગે છે કારણ કે આ સુંદર વિશ્વમાં તું અસ્વચ્છ અને ખરાબ છે.

**—માર્સીલીયસ ફીશીનસ**

મનુષ્ય માત્ર પોતાને જ માટે જીવતો નથી. તે પોતાના તેમજ પારકાના હીતને માટે જીવે છે. ધનવાન હોય કે ધનહીન હોય, દરેકને પોતાની ફરજ બજાવવાની હોય છે. કેટલાકને જીવન સુખમય લાગે છે, કેટલાકને દુઃખમય લાગે છે, પરંતુ મહાન્ વ્યક્તિઓનું જીવનધ્યેય મોજમજાહ પ્રાપ્ત કરવાનું કે પ્રખ્યાતિ પણ પામવાનું હોતું નથી. તેઓનું જીવન ધ્યેય તો સુંદર આદર્શોની પાછળ આશાસ્પદ અને ઉપયોગી કર્તવ્ય કરવાનું હોય છે.

**હીરેકલીસ** કહે છે કે આપણે દરેક, અનેક સમકેન્દ્રિત વર્તુલોનું મધ્યબિંદુ અથવા કેન્દ્ર છીએ. આપણી આસપાસનું પહેલું વર્તુલ માતા-પિતા, પત્ની અને સંતાનોનું બનેલું છે. ત્યાર પછીનું વર્તુલ સગાં અને સ્નેહીઓનું બનેલું છે; તે પછી દેશબાંધવો વગેરેનું બનેલું છે અને અન્તિમ વર્તુલમાં અખિલ માનવજાત આવી જાય છે.

યોગ્ય રીતે અને અવિરતપણે, આપણી ફરજ બજાવવાને માટે આપણી સર્વશક્તિઓનો વિકાસ કરવો જરૂરી છે. ઉચ્ચ સંકલ્પશક્તિ આપણા માનસને માર્ગદર્શન કરાવે છે. સાધુત્વ અને દુર્જનત્વનું જ્ઞાન, શું સત્ય છે અને શું અસત્ય છે તેનું જ્ઞાન, આપણને કર્તવ્યને માટે જવાબદાર બનાવે છે.

કર્તવ્યનો પ્રદેશ અનંત છે. જીવનના કોઈપણ વિભાગમાં તેનું સ્થાન છે. પૈસાદાર થવું કે ગરીબ થવું, સુખી બનવું કે દુઃખી એ કદાચ આપણા હાથની વસ્તુ ન હોય, પરંતુ ગમે તેવી સ્થિતિમાં કર્તવ્યનું પાલન કરવું એ આપણા હાથની જ વસ્તુ છે. ગમે તે ભોગે અને ગમે તે જોખમે, કર્તવ્યનું પાલન કરવું એ ઉચ્ચ પ્રકારના સભ્ય જીવનનું ખાસ તત્ત્વ છે. ભૂતકાળની જેમ વર્તમાનમાં પણ મહાન કાર્યોને માટે પ્રયત્ન કરવો જોઇએ, આશાવંત થવું જોઇએ અને પ્રસંગ આવે મરવું પણ જોઇએ.

**સન્ત ઓગસ્ટાઇને** પૂછ્યું. તમે મહાન થવાની આકાંક્ષા ધરાવો છો? જો ધરાવતા હો તો નમ્ર થઇને પ્રારંભ કરો. તમે વિશાળ અને ઉચ્ચ ઘડતર કરવા માગો છો? તો નમ્રતારૂપી પાયાનો પહેલાં વિચાર કરો. જેમ તમારા ઘડતરનો પાયો વધારે ઊંડો તેમ તમારા ઘડતરની સુદૃઢતા વિશેષ. વિવેકપૂર્ણ નમ્રતા એ એક ઉત્કૃષ્ટ સૌન્દર્ય તત્ત્વ છે.

ગુપ્ત રીતે અથવા તો અન્યની દૃષ્ટિમાં આવ્યા સિવાય કરેલ કર્તવ્યનું પાલન ઉચ્ચ પ્રકારનું છે. તે કર્તવ્યપાલનમાં ભક્તિ અને ઔદાર્ય ભરેલાં હોય છે. તે કર્તવ્યપાલન દુન્યવી નીતિથી (કહેવાતી નીતિથી) પર હોય છે. તે કર્તવ્ય પોતાની જાહેરાત કરતું નથી. મનુષ્યજાત પ્રત્યેની સનાતન ફરજ

---

નિશ્ચય જાણવો, श्री जिनलाभसूर्यादि सद्गुरूणामनुग्रहात् ॥ क्षमाकल्याणगणिना निर्मिते स्मृतिहेतवे ॥ १ ॥ प्रश्नोत्तर सार्द्धशतेऽपरार्द्धपरिपूर्णताम् ॥ गतस्यादत्रयः कश्चिद्दोषः शोध्यः स धी धनैः ॥ २ ॥ **ભાવાર્થ**—શ્રી જિનલાભસૂરિ આદિ સદ્ગુરુઓના અનુગ્રહથી ક્ષમા કલ્યાણ ગણિએ સ્મૃતિને માટે રચેલ પ્રશ્નોત્તર સાર્ધશતકમાં ઉત્તરાર્ધ પૂર્ણતાને પામ્યું છે આમાં જે કંઇ દોષ દેખાય તે વિદ્વાનોએ સુધારવો. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બજાવવાના આશયથી, દરેક મનુષ્યજીવન અને દરેક મનુષ્યકર્તવ્ય વિષે વિચાર કરવાની શક્તિ જેમાંથી પ્રાપ્ત થાય છે, તેવા ઉચ્ચ આશય અને વિશાળ ધોરણ ઉપર આ પ્રકારનું કર્તવ્યપાલન સ્થિત થયેલું છે.

પરંતુ કર્તવ્યપાલન કરતાં શીખવું કઈ રીતે ? એ શીખવામાં કાંઈ મુશ્કેલી નથી. પ્રથમ તો ઇશ્વર પ્રત્યેની કર્તવ્યની સર્વવ્યાપી અને ચિરંજીવ ભાવના છે. તે પછી અન્ય પ્રત્યેની ફરજ–કૌટુંબિક ફરજ, પાડોશી પ્રત્યેની ફરજ; શેઠની નોકર તરફની ફરજ અને નોકરની શેઠ તરફ ફરજ, મિત્ર પ્રત્યેની ફરજ, નાગરિકની રાજ્ય પ્રત્યેની અને રાજ્યની નાગરિક પ્રત્યેની ફરજ–બજાવવાની હોય છે.

આમાંની ઘણી ખરી ફરજો તો ગુપ્તપણે જ બજાવાય છે. આપણું જાહેરજીવન જાણીતું હોય પણ આપણું આંતરિક જીવન ગુપ્ત હોય છે. આપણા જીવનને કિંમતી બનાવવાનો કે અનુપયોગી કરવાનો આધાર આપણી ઉપર જ રહેલો છે. આપણા આત્માને સામાર્થ્યહીન કરવાને સામર્થ્યવાન્ નથી; માત્ર પોતાની મેળે જ તે સામર્થ્ય હીન બની શકે. જો આપણે આપણી જાતને અને એકબીજાને, સ્હેજ જ વધારે સરસ, વધારે પવિત્ર અને વધારે ઉદાર બનાવી શકીએ, તો આપણે જે કરી શકીએ તેમાંનું, કદાચ, ઘણું મોટું કાર્ય કર્યું કહેવાય.

સોએક વર્ષ પહેલાં ન્યુ ઈંગ્લાંડમાં સૂર્યગ્રહણ થયું. આકાશ ખૂબ શ્યામ થઈ ગયું અને સર્વને લાગ્યું કે અન્તિમ દિવસ આવી પહોંચ્યો. કોનેકટીકટ-ની ધારાસભાની બેઠક તે વખતે ચાલુ હતી, અને ખૂબ અંધારૂં થતું જોઇને એક સભ્યે સભાની બેઠક મુલતવી રાખવા માટે દરખાસ્ત મૂકી. ડેવેન્પોર્ટ નામના સભ્યે તેનો વિરોધ કર્યો અને કહ્યું, "જો આજે આપણો અન્તિમ દિવસ જ હોય તો મારી જગ્યાએ, મારી ફરજ બજાવતાં જ મરવાનું, હું પસંદ કરૂં છું." અને બેઠકનું કાર્ય ચાલુ રાખવા માટે મીણબત્તીઓ લાવવાની દરખાસ્ત મૂકી. સ્વકર્તવ્યનું પાલન કરવું એ આ ડાહ્યા માણસનો સિદ્ધાંત હતો અને તે પ્રમાણે તેણે વર્તન કર્યું.

એક મનુષ્ય, કે જેનું શરીર બંધારણ સામાન્ય હતું, તે પોતાનો ઘણો ખરો સમય પરોપકારી કર્તવ્યોમાં પસાર કરતો. તે માંદાઓની મુલાકાત લેતો, તેઓના સંતાપપૂર્ણ ગૃહોમાં તેમની પાસે બેસતો, તેઓની સારવાર કરતો અને બની શકે તેવી બધી રીતે તેમને મદદ કરતો. તેના મિત્રોએ તેને તેના ધંધા પ્રત્યે બેદરકાર ન રહેવા સમજાવ્યો અને રોગીઓના સહવાસથી રોગ ઉત્પન્ન થવાની ભીતિ દર્શાવી. તેણે તેના મિત્રોને દ્રઢતાથી સાદી ભાષામાં જવાબ આપ્યો, "હું મારી પત્ની અને મારાં બાળકોને માટે ધંધો કરૂં છું પરંતુ હું એવો અભિપ્રાય પણ ધરાવું છું કે જેઓના ગૃહમાં કોઈ સંભાળ લેનાર નથી, તેઓની સંભાળ લેવી એ મનુષ્યની સામાજીક ફરજ છે."

સ્વેચ્છાથી કર્તવ્યપાલન કરનારના આ શબ્દો છે જે પૈસા આપે છે તે નહિ પરંતુ જે પોતાની જાત અર્પી દે છે તે જ સાચો પરોપકારી છે. જે મનુષ્ય પૈસાનું દાન કરે છે, તેની પ્રખ્યાતિ થાય છે; જે મનુષ્ય પોતાનો સમય, શક્તિ અને આત્મા અર્પી દે છે તે તો દરેકનો પ્રેમ મેળવે છે. પહેલાંની (પૈસાનું દાન કરનારની) યાદગીરી કદાચ રહેશે અને બીજો કદાચ ભૂલાઈ જશે પરંતુ તેણે (બીજાએ) જે સુંદર વાતાવરણ ઉત્પન્ન કર્યું છે, તે અનંતકાળ સુધી અવિસ્મરણીય રહેશે.

ફરજનું મૂળ શું ? અંતરાત્મા એ ફરજનું પ્રભવસ્થાન છે. પ્રગતિ (Civilization)ના પ્રારંભથી જ આ શબ્દની અસર દેખાયેલી છે. ઈશુ ખ્રીસ્ત કરતાં ત્રણસો વર્ષ પૂર્વે થઈ ગયેલ **મીનાન્ડર** નામના ગ્રીક કવિએ કહ્યું છે કે, "ઇશ્વર આપણા હૃદયમાં રહેલો છે અને તે આપણો અંતરાત્મા." તદુપરાંત તે કહે છે કે માત્ર સ્વાર્થને માટેનું જીવન એ જીવન જ નથી. જ્યારે તમે કોઇપણ પવિત્ર કાર્ય કરો છો ત્યારે તમારો આત્મા પ્રફુલ્લિત થાય છે. ઉમદા હૃદય હોવું એ મનુષ્યની એક મહાન આવશ્યકતા છે.

અંતરાત્મા એ એક એવી શક્તિ છે કે જેને ધાર્મિક ભાવનાના નામથી પણ ઓળખી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે આપણને આપણામાં રહેલ ઉચ્ચ અને નીચ તત્ત્વોના યુદ્ધનું, આત્મિક અને દૈહિક ભાવનાઓના વિગ્રહનું અને અસત્ય ઉપર વિજય મેળવવા પ્રયત્ન કરતા સત્યનું. જ્ઞાન થાય છે, ત્યારે આપણને તેની પ્રથમ પિછાન થાય છે. ગમે ત્યાં દૃષ્ટિ કરો, આ યુદ્ધ સતત્ રીતે ચાલ્યા જ કરે છે. સ્ત્રી અને પુરુષ સર્વ સત્યને ચાહે છે છતાં મેળવી શકતાં નથી તેથી જ દુઃખી થાય છે.

આ અનુભવમાંથી ધાર્મિક ભાવનાનો ઉદ્‌ભવ થાય છે. **કેનન મોઝલી** કહે છે કે ધાર્મિક ભાવના આંતરિક અવલોકન–આત્મદૃષ્ટિ–ઉપર રચાયેલી છે. અંતર અને તેમાં ચાલી રહેલ યુદ્ધના અવલોકનથી મનુષ્યને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેને સત્ય અથવા અસત્યની પસંદગી કરવાની છે. અને પસંદગી કરવામાં તે સ્વતંત્ર હોવાથી તેને માટે જવાબદાર પણ તે જ છે.

અમુક કાર્યો અનિવાર્ય અને આવશ્યક જ છે એમ માનવું ભૂલ ભરેલું છે આપણું માનસ કંઈ બંધાયેલું નથી. કોઈપણ અમુક હેતુને અનુસરવાને માટે આપણી ઉપર ફરજ પાડવામાં આવી નથી. જ્હોન સ્ટુઅર્ટ મીલ કહે છે કે, “આપણને જરૂર લાગે છે કે આપણે ઇચ્છીએ તો અમુક વસ્તુનો વિરોધ કરવાની આપણી શક્તિને સાબીત કરી શકીએ.” આપણા કાર્યોનું નિયમન થઇ શકે છે, નહિ તો મનુષ્યે દુનિયા ઉપર કાયદાઓ નહિ રચ્યાં હોત. આપણને પ્રત્યેકને લાગે છે કે આપણી ટેવો અને તૃષ્ણાઓને આપણે વશ ન થવું જોઇએ પરંતુ તેઓ આપણને વશ હોવી જોઇએ. અને આપણે તેમને વશ થઇએ તો પણ આપણે જાણીએ છીએ કે આપણામાં તેનો વિરોધ કરવાની શક્તિ છે અને જો તેનો સદંતર નાશ કરવો હોય અથવા તેની ઉપર આપણું સ્વામીત્વ સ્થાપવું હોય તો તે કરવાની આપણામાં શક્તિ છે એવું જ્ઞાન હોવું, ખાસ આવશ્યક છે.

ઉચ્ચ પ્રકારના આત્મિક આનંદને માટે, જ્ઞાનથી માનસ જાગૃત કરવું જોઇએ. જેમ જેમ માનસ જ્ઞાનથી પ્રકાશિત થાય છે અને અંતરાત્મા તેનું સામર્થ્ય દર્શાવવા માંડે છે તેમ તેમ મનુષ્યની જવાબદારી વધતી જાય છે. જ્ઞાન અને શ્રદ્ધાયુક્ત માન્યતાથી કરાયેલા કર્તવ્યથી તેની માનવતા જાગૃત થાય છે. તેને લાગે છે કે આવા કર્તવ્યથી તે સત્ય પ્રાપ્ત કરે છે અને પરમ સત્યનો અધિકારી બનતો જાય છે.

ધર્મભાવનાવિહીન મનુષ્ય સંયોગોનો ગુલામ છે. ધર્મ સંયોગોથી પર છે અને તેને ઉચ્ચતા પ્રતિ લઈ જાય છે. જેનામાં આ પ્રકારની ભાવના નથી તે મનુષ્ય, ઇન્દ્રિયો, વિકારો અને સ્વાર્થને વશ થઈ કર્તવ્યો કરે છે. દુષ્ટ કર્તવ્ય કરતાં પણ તે જાણે છે કે તે ખોટું કરે છે. તેનો અંતરાત્મા તેને ડંખે છે. નિસર્ગ તેનો વિરોધ કરે છે. તે જાણે છે કે તેનું કાર્ય ઇચ્છાપૂર્વકનું છતાં પાપપૂર્ણ છે. ભવિષ્યમાં તેનો વિરોધ કરવાની તેની શક્તિ ઘટતી જાય છે. તેની ઇચ્છાશક્તિ શક્તિ ખૂવે છે અને લાલચોની સામેનો તેનો વિરોધ ઓછો અને ઓછો થતો જાય છે. આ પ્રમાણે, તે પ્રમાણેની ટેવ પડતી જાય છે. દુષ્ટ કર્તવ્યનું દુષ્ટ ફળ એ છે કે તે પ્રસરતું પ્રસરતું બીજા અનેક દુષ્ટ કૃત્યો ઉત્પન્ન કરે છે.

પરંતુ અંતરાત્મા એ મૃત વસ્તુ નથી. આપણે તેને માટે કબર ખોદી તેમાં તેને દાટી દઇ શકીએ નહિ. આપણે તેને કચડી નાખીએ તો પણ તે જીવે જ છે. કોઈ પણ પાપ અથવા ગુન્હો કરતી વખતે તે આપણો વિરોધ કરે છે. આપણે તેની પ્રત્યે આંખ આડા કાન કરી શકીએ નહિ. અંતરાત્મા અમર છે. વ્યક્તિના વ્યક્તિત્વનું એ ખાસ તત્ત્વ છે. તે મનુષ્ય ઇન્દ્રિયનિગ્રહની–લાલચોનો વિરોધ કરવાની શક્તિ અર્પે છે. વ્યક્તિત્વનો વિકાસ કરવો. સત્ય જીવનપથ શોધવા પ્રયત્નો કરવો અને તે માર્ગને અનુસરવું એ દરેક મનુષ્યની અનિવાર્ય ફરજ છે. તેમ કરવાની તેની ઇચ્છા પણ છે. કોઇના પ્રતિઘોષરૂપ બનવાને બદલે અથવા તો ચાલુ રૂઢિઓને અનુસરવાને બદલે પોતાનું સ્વતંત્ર જીવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહત્તાની તેનામાં શક્તિ છે. ખરું મનુષ્યત્વ ઇન્દ્રિય-નિગ્રહમાંથી પ્રાપ્ત થાય છે.

કર્તવ્યપાલનમાંથી ફલિત થતી અંતરાત્માની ફુરણાથી, વ્યાપક અને સમર્થ ઇન્દ્રિયનિગ્રહ કેળવાય છે. માત્ર અંતરાત્મા જ મનુષ્યને સ્વાશ્રયી બનાવે છે અને વિકારો અને વાસનાઓમાંથી મુક્ત કરે છે. માનવજાતિના મહાન્ હિતસ્વી કાર્લાઇલના શબ્દોમાં તે તેને મૂકે છે. સુખનું ખરેખરું મૂળ, માત્ર કર્તવ્ય-પથમાં જ રહેલું છે.

(સંપૂર્ણ)

## ખેદકારક સ્વર્ગવાસ

### શ્રીયુત ભીમજીભાઈ હરજીવન પરીખ (સુશીલ)

સુપ્રસિદ્ધ વિદ્વાન લેખક ભીમજીભાઇ હરજીવન પરીખ (સુશીલ)નું અત્રેના સર તખ્તસિંહજી હોસ્પીટલમાં તા. ૧૫-૫-૬૧ ને સોમવારે તોંતેર વર્ષની ઉમ્મરે શોકજનક અવસાન થયેલ હતું. તેઓનો જન્મ લીંબડીમાં થયેલ હતો, પરંતુ તેમનું જીવન ભાવનગરમાં પસાર થયેલ હતું. તેઓનો અંગ્રેજી અભ્યાસ મેટ્રીક સુધી હતો પણ તેઓ સંસ્કૃત, પ્રાકૃત, હિંદી, બંગાળી વગેરે ભાષાઓ જાણતા હતા. જૈન સાહિત્યના તેઓ અભ્યાસી હતા. તેમનું જીવન સાદુ હતું અને તેમનો સ્વભાવ પ્રેમાળ હતો.

તેઓએ "જૈન" સાપ્તાહિકના તંત્રીલેખો લગભગ વીશ વર્ષ સુધી લખ્યા હતા. આ લેખો દ્વારા તેમણે જૈન સમાજના અનેક પ્રશ્નોની માર્મિક આલોચના કરી હતી. આ ઉપરાંત તેમણે ઘણા પુસ્તકો લખ્યા હતા. તેઓએ અમુક સમય સુધી "સૌરાષ્ટ્ર"ના તંત્રી મંડળમાં કામ કર્યું હતું. તેઓ ધોલેરાના મીઠાના સત્યાગ્રહમાં પકડાએલા હતા. અને તેમને છ મહિનાની સજા થયેલી હતી.

સૌરાષ્ટ્ર સરકારે તેમની સાહિત્ય સેવા અને દેશ સેવાની કદર કરીને તેમને ભાવનગરના સર તખ્તસિંહજી હોસ્પીટલમાં એક રૂમમાં કશા પણ ભાડા વિના અનિયત મુદત માટે રહેવા અને દવા વગેરેની સગવડ કરી આપી હતી તેથી માંદગીના છેલ્લા દસ વર્ષો તેમણે દવાખાનામાં પસાર કર્યા હતા.

તેઓ ભાવનગરના જૈન સમાજને સાહિત્ય સંબંધી કાંઇપણ કામ હોય ત્યારે હાજર રહેતા હતા અને ભાષણો પણ આપતા હતા. તેઓ જૈન ધર્મના અભ્યાસી હતા તેથી તેમના ભાષણોની સારી અસર જૈન શ્રોતાઓ પર થતી હતી.

તેઓને પક્ષઘાત થયેલ ન હતો તે પહેલાંના વર્ષોમાં જૈન ધર્મના સાહિત્યનું જ્ઞાન યુવાનોમાં પ્રસરે એવી તેમની ભાવના હતી. આ ભાવનાને મૂર્તસ્વરૂપ આપવા માટે શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળામાં રાત્રે તેઓ એક કલાક આવતા હતા અને યુવાનો સાથે જૈન સાહિત્ય સંબંધી વાર્તાલાપ કરતા હતા પણ તેઓની નાજુક તબિયતને અંગે આ રાત્રિ સભા થોડા વખત પછી બંધ થઇ.

તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. સભાના સુવર્ણમહોત્સવના સંભારણારૂપે જે વિશેષાંક બહાર પડ્યો હતો તેના તેઓ "સંપાદક સમિતિ"ના મંત્રી હતા. તે વિશેષાંકની વિશિષ્ટતાઓ જાળવવામાં અને તે અંકને સંગીન બનાવવામાં તેમનો મુખ્ય ફાળો હતો. શાસનદેવ તેમના આત્માને શાંતિ અર્પો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

અપૂર્વ પ્રકાશન | અવશ્ય વસાવો

# લલિત વિસ્તરા

કર્તા—સમર્થ વિદ્વાન મહર્ષિશ્રી હરિભદ્રસૂરીશ્વરજી

વિવેચનકર્તા—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૭૯૨, પાકું હોલક્લોથ બાઈંડીંગ, સુંદર છાપકામ

મૂલ્ય માત્ર રૂપિયા નવ

"શ્રી સિદ્ધર્ષિ" જેવા મહાવિદ્વાન આચાર્ય મહારાજશ્રી પણ જે ગ્રંથના વાચનથી જૈન ધર્મમાં સ્થિર થયા તેવા આ અપૂર્વ ગ્રંથનું મૂલ્યાંકન થઇ શકે નહિ. જૈન ધર્મનું હાર્દ સમજવા માટે તેમજ ચૈત્યવંદન—રહસ્ય સમજવા માટે આના જેવો ઉત્તમ કોટિનો કોઇ ગ્રંથ નથી. આ ગ્રંથને બાળજીવો અને સૌ કોઈ સરળ રીતે સમજી શકે તે માટે વિદ્વાન લેખક ડૉ. ભગવાનદાસે સુંદર વિવેચન આલેખ્યું છે અને તે અંગે પંચાંગી યોજના કરી છે.

અતિ આવશ્યક આવા ગ્રંથની પ્રશંસા કરવી તે સુવર્ણને ઓપ આપવા જેવું છે. દરેક ધર્મપ્રેમી ગૃહસ્થે અને લાયબ્રેરીના વ્યવસ્થાપક આવો સુંદર ગ્રંથ વસાવી લેવો જોઇએ. કીંમત રૂપિયા નવ, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

# જૈન રામાયણ

પ્રસિદ્ધ થઇ ગયું છે

[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર પર્વ—૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ. વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ. એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

મૂલ્ય રૂ. ચાર (પોસ્ટેજ અલગ)

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય—ભાવનગર

For Private And Personal Use Only